# ગોડમેન રામપાલ ૨૮મી સુધી જેલમાં

બરવાલા,તા.૨૦

વ્યાપક ઓપરેશનના અંતે ધરપકડ કરી લેવામાં આવ્યાના એક દિવસ બાદ વિવાદાસ્પદ ગોડમેન રામપાલને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સઘન સુરક્ષા વચ્ચે રજુ કરવામાં આવ્યા હતા જ્યાં તિરસ્કારના કેસના સંદર્ભમાં ૨૮મી નવેમ્બર સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવાનો આદેશ કરાયો હતો. આની સાથે જ જાતે બની બેઠેલા ગોડમેન રામપાલ પર સકંજો મજબુત કરાયો હતો. રામપાલને જેલ ભેગા કરવામાં આવ્યા છે. જ્યુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવ્યા બાદ હાલમાં ચાલી રહેલી અટકળોનો આખરે અંત આવ્યો હતો. બે જજની બેંચે સમગ્ર મામલાની સુનાવણી ૨૮મી નવેમ્બર સુધી મોકુફ કરી દીધી હતી. હરિયાણા પોલીસ વડાને હરિયાણાના હિસાર જિલ્લામાં બરવાલામાં તેમના આશ્રમથી રામપાલની ધરપકડ કરવા હાથ ધરવામાં આવેલા ઓપરેશનની સમગ્ર વિગત આપવાનો આદેશ કર્યો હતો. આ ઉપરાંત આશ્રમમાં હથિયારો અને દારુગોળાના સંદર્ભમાં વિગતો, ઘાયલોની યાદી, નુકશાન, સંપત્તિને નુકશાન અંગેની વિગત આપવા પણ હરિયાણા પોલીસ વડાને કહેવામાં આવ્યું છે. રામપાલ હાઈકોર્ટ સમક્ષ તિરસ્કારના કેસના સંદર્ભમાં હાજર થઈ રહ્યા નહતા. તેમને ૨૧મી નવેમ્બર સુધી કોર્ટમાં રજુ કરવાનો આદેશ કરાયો હતો. રામપાલને જસ્ટીસ એમ જયાપોલ અને દર્શનસિંહની ડિવીઝન બેંચ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. અગાઉ હરિયાણા પોલીસે કોર્ટને સવારમાં માહિતી આપી હતી કે, બિનજામીન પાત્ર વોરંટ અમલી બનાવવામાં આવ્યું છે. હિસાર જિલ્લામાં બરવાલા ખાતે તેમના આશ્રમથી તેમની ધરપકડ કરાઈ છે. ડિફેન્સ વકિલ એસકે ગર્ગે કહ્યું હતું કે, રામપાલ પોતે આશ્રમમાં બાનમાં હતા. અગાઉ રામપાલને વર્ષ ૨૦૦૬ના હત્યા કેસના સંદર્ભમાં તેમની સામે મંજુર કરવામાં આવેલા જામીન પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે રદ કરતા તેમને સળિયા પાછળ ધકેલાયા હતા. સેક્ટર-૬ જનરલ હોસ્પિટલથી તેમને લઈ જવાયા હતા. ચંદીગઢ નજીક પંચકુલા ખાતે સેક્ટર-૫ પોલીસ સ્ટેશનમાં તેમને લઈ જવાયા હતા અનો પોલીસ લોકઅપમાં પુરી દેવાયા હતા. લોકઅપની આસપાસ મોટી સંખ્યામાં જવાનો પણ ગોઠવી દેવાયા હતા. પોલીસ સ્ટેશનમાં લઈ જતા પહેલા રામપાલે નિર્દોષ હોવાની વાત કરી હતી. હાઈકોર્ટની ડિવીઝન બેંચે અગાઉ એપ્રિલ ૨૦૦૮માં ગોડમેનને આપેલા જામીન રદ કરી દીધા હતા. ન્યાયતંત્ર અને પોલીસથી બચવામાં બે સપ્તાહ સુધી સફળ રહ્યા બાદ આખરે વિવાસ્પદ ગોડમેન રામપાલની ધરપકડ કરી લેવામાં આવતા તંત્રને મોટી રાહત થઈ હતી. બુધવારે દિવસે પણ ઓપરેશન જારી રહ્યું હતું. તેમના સતલોક આશ્રમ નજીકથી ધરપકડ કરવામાં આવ્યા બાદ રામપાલને સધન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પંચકુલાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તમામ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તેઓ બિલકુલ સ્વસ્થ દેખાયા હતા. તેમને પકડી પાડવા માટેના ઓપરેશનમાં વ્યાપક હિંસા થઈ હતી. જેમાં પાંચ મહિલાના મોત થયા હતા અને એક ૧૮ માસનુ શિશુનુ પણ મોત થયું હતુ. વ્યાપક હિંસામાં ૨૦૦ લોકો ઘાયલ થયા હતા જેમા ૭૦ પત્રકારો અને ૧૦૫ પોલીસ જવાનોનો સમાવેશ થાય છે.મંગળવારે વ્યાપક હિંસામાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ગઈકાલે સવારે નવેસરથી તેમની ધરપકડ માટેનુ ઓપરેશન શરૂ કરાયું હતુ.રામપાલના સમર્થકો ભારે હિંસા પર ઉતરી ગયા હતા. આશ્રમની બહાર રહેલી ગાડીઓમાં આગ ચાંપી દીધી હતી.રામપાલની ધરપકડ કરવામાં આવ્યા બાદ ૧૫૦૦૦ ફોલોઅર્સને મુક્ત કરવામાં આવ્યા હતા. જ્યારે હિંસામાં સામેલ હોવાના કારણે ૪૯૨ની અટકાયત કરવામાં આવી છે. તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તેવી શક્યતા છે. તમામ સામે સકંજો મજબુત કરવામાં આવ્યો છે.



## રામપાલના બધા કમાન્ડો પાસે પિસ્તોલ તેમજ ગન

બરવાલા,તા. ૨૦

ગોડમેન રામપાલના કમાન્ડો પણ અતિઆધુનિક હતા. તેમને પિસ્તોલ અને ગન જેવા હથિયારો આપવામાં આવેલા હતા. આ લોકો મોટાભાગે કાળા વસ્ત્રોમાં રહેતા અને ૧૨ એકરના આશ્રમમાં ગોઠવાયેલા રહેતા હતા. વોકીટોકી ઉપર જ વાત કરતા હતા. આશ્રમમાં વોર્ડરૂમ જેવી સ્થિતિ ઉભી કરવામાં આવી હતી. રામપાલની આસપાસ મહિલા અને બાળકોની એક સુરક્ષિત છત્ર જેવી સુવિધા રહેતી હતી. જ્યારે તેમના કમાન્ડો ક્રુડ બોમ, પેટ્રોલ બોમ્બ બનાવવામાં પણ જાણકાર હતા. એકપછી એક વિગતો હવે સપાટી પર આવી રહી છે. ઈન્ટેલીજન્સ વીંગ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

## સફળ ઓપરેશન બાદ હરિયાણા સરકાર ખુશ

બરવાલા,તા. ૨૦

સંત રામપાલની ધરપકડ કરી લેવામાં આવ્યા બાદ હરિયાણાની સરકારે રાહતનો દમ લીધો હતો. હરિયાણાના મુખ્યપ્રદાન મનોહર લાલ ખટ્ટરે કહ્યું હતું કે ગોડમેન રામપાલની ધરપકડ કરવા માટે રાજ્ય પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલુ ઓપરેશન હવે સંપૂર્ણ સફળ રહ્યું છે. રામપાલની ધરપકડ અંગે પ્રતિક્રિયા કરતા તેમણે કહ્યું હતું કે રામપાલની ધરપકડ કરતી વેળા કોઇ નુકસાન થયું નથી. કોઈની જાન ગઇ હતી. અમે આને લઈને ખુશ અને સંતુષ્ટ છીએ. મુખ્યપ્રધાને રામપાલની ધરપકડ કરવા માટે સરકારના ઓપરેશનને ટેકો આપવા બદલ મિડિયા અને સ્થાનિક લોકોનો આભાર માન્યો હતો. રામપાલની આખરે બુધવારે ધરપકડ કરવામાં આવ્યા બાદ તેમને આજે સવારે મેડિલ ટેસ્ટ માટે પંચકુલ્લાની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. જ્યાં જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હવે તેમને કોર્ટમાં રજૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે હજુ તંગદીલી ફેલાયેલી છે.

## તમિલનાડુમાં જે. જયલલિતા ફરીવાર હોટસીટ પર આવ્યા

ચેન્નાઈ,તા. ૨૦

સંપત્તિ કેસના સંદર્ભમાં અપરાધી ઠેરવીને સજા ઠેરવી દેવામાં આવ્યા બાદ જામીન પર છુટ્યા પછી અન્નાદ્રમુકના નેતા જયલલિતા ફરી વાર સક્રિય થઈ ગયા છે. પોતાની પાર્ટીને મજબુત કરવા તેઓ આક્રમક બન્યા છે. એકપછી એક બેઠકો તે યોજી રહ્યા છે. ૨૦૧૬માં યોજાનારી વિધાનસભાની ચુંટણી પહેલા પાર્ટીને વધુ મજબુત કરવા અને પક્ષના નેટવર્કને ફેલાવવા જયલલિતા સક્રિય દેખાઈ રહ્યા છે. તેમની સ્થિતિ મજબુત કરવાની સાથે-સાથે કાયદાકીય પાસાઓ ઉપર પણ તેઓ આગળ વધી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે જયલલિતા ફરીવાર હોટસીટ પર આવી ગયા છે. ધારાસભ્ય તરીકે સુપ્રીમ કોર્ટની માર્ગદર્શીકા મુજબ તેમને ગેરલાયક ઠેરવવામાં આવી ચુક્યા છે.ભ્રષ્ટાચારના કેસમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ જયલલિતા ગેરલાયક થયા છે પરંતુ પોતાની પાર્ટીની સ્થિતિ મજબુત કરવામાં તેઓ વ્યસ્ત છે. જયલલિતાએ કહ્યું છે કે, પક્ષના કાર્યકરો ઝોનમાં જુદા જુદા હોદ્દાઓ મેળવી રહ્યા છે. કોર્પોરેશન વિસ્તારમાં જયલલિતા દ્વારા નિમણૂંક કરવામાં આવી રહી છે. આવનાર દિવસોમાં કાયદાકીય ગુંચ વચ્ચે જયલલિતા પાર્ટીને વધુ મજબુત કરવા આગળ વધે તેવી શક્યતા છે.



## માછીમારોના મુદ્દે મોદીની ભૂમિકાની પ્રશંસા કરાઈ

પીએમકેના વડા એસ રામદોષે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, શ્રીલંકન જેલમાંથી મૃત્યુદંડની સજા કરી રહેલા ભારતીય માછીમારોને છોડાવી લેવામાં મોદીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે.

એક નિવેદનમાં રામદોષે કહ્યુંહતું કે, મોદીની અસરકારક્તા રાજદ્વારી પહેલના કારણે પાંચ ભારતીય માછીમારો શ્રીલંકન જેલમાંથી બહાર નિકળી શક્યા છે. નાર્કોટિક્સની દાણચોરીના આરોપસર આ ભારતીય માછીમારો છેલ્લા ત્રણ વર્ષથી શ્રીલંકન જેલમાં હતા. બુધવારના દિવસે તેમને શ્રીલંકન જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. માછીમારોને મુક્ત કરવા માટે મોદી દ્વારા શ્રીલંકન પ્રમુખ અને અન્યો સાથે કરવામાં આવેલી વાતચીત જવાબદાર છે.

લગ્ન સાથે સંબંધિત કાયદામાં પણ ફેરફાર

## કેટલાક કાયદાઓમાં ધરખમ ફેરફાર થશે : ગૌડાનો સંકેત

નવી દિલ્હી,તા. ૨૦

નવા કાયદા પ્રધાન સદાનંદ ગૌડાએ દેશમાં કેટલાક કાયદાઓમાં ફેરફાર કરવા માટે કમર કસી લીધી છે. જે કાયદામાં ફેરફાર કરવા માટેની હિલચાલ હાથ ધરવામાં આવી છે તેમાં લગ્ન સાથે સંબંધિત મેરિજ લો, સેફટી એક્ટ, આર્બિટ્રેશન એક્ટ અને એનાઇ એક્ટનો સમાવેશ થાય છે. ગૌડાએ એમ પણ કહ્યું છે કે લીડર ઓફ ઓપોજિશનના મુદ્દા પર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમે આ કાયદામાં ફેરફાર કરવાની યોજના બનાવી રહ્યા છીએ. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે હાઈકોર્ટમાં ખાલી રહેલી જગ્યાઓને વહેલી તકે ભરવામાં આવસે. દેશભરમાં ૨૦થી ૩૦ હાઈકોર્ટમાં જજની નિમણૂંક કરવામાં આવસે. આના માટે રાષ્ટ્રપતિ ટુંકમાં જ મંજૂરી આપનાર છે. આ ઉપરાંત હાઈકોર્ટના જજની નિવૃતિ માટેની વય ૬૨ વર્ષથી વધારીને ૬૫ વર્ષ કરવાની પણ હિલચાલ હાથ ધરવામાં આવી છે. ગૌડાએ કહ્યું હતું કે મહિલા પંચને વધારે અધિકાર આપવાની પણ યોજના છે. સાથે સાથે પેન્ડિંગ રહેલા કેસને ઘટાડી દેવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. નેશનલ જ્યુડિયલ એપોઈન્ટમેન્ટ કમીશન બિલના પ્રશ્ને કાયદાપ્રધાને કહ્યું હતું કે તમામ રાજ્યો સાથે વાત કરવામાં આવી રહી છે. તેઓ તમામ રાજ્યોના પત્ર લખીને આ અંગે વલણ સ્પષ્ટ કરે તેમ કહેવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજની નિમણૂંક માટે નવી વ્યવસ્થા કરવામાં આવે તે માટે પત્ર રાજ્યોને લખવામાં આવ્યા છે. સંસદના બન્ને ગૃહોમાં જ્યુડિશિયલ કમીશન બિલ પાસ કરવામાં આવી ચુક્યું છે. નિયમ હેઠળ દેશભરમાં ૫૦ ટકા રાજ્યો મંજૂરી આપે તે જરૂરી છે. ગોવા, રાજસ્થાન અને ત્રિપુરા જેવા રાજ્યો આની મંજૂરી આપી ચુક્યા છે. આવનાર શિયાળુ સત્રમાં અન્ય રાજ્યો વતી મંજૂરી લેવાશે.

## અમેરિકા : હાલ ૪.૫ લાખ ગેરકાયદે ભારતીય પ્રવાસી

નવી દિલ્હી,તા. ૨૦

અમેરિકામાં મોટી સંખ્યામાં ગેરકાયદેરીતે ભારતીય પ્રવાસી રહે છે. અ અંગે અગાઉ પણ વાંરવાર અહેવાલ પ્રકાશિત થતા રહ્યા છે. હવે નવા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા ભારતીય પ્રવાસીઓની સંખ્યા ૪.૫ લાખ કરતા વધારે છે. અમેરિકામાં ગેરકાયદે રહેતા પ્રવાસીઓ લોકોમાં ચાર ટકા લોકો ભારતીય છે. પ્યુ રિસર્ચ સેન્ટર દ્વારા જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય લોકોની સંખ્યામાં વર્ષ ૨૦૦૯ બાદ કોઈ ફેરફાર થયો નથી. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય પ્રવાસીઓની સંખ્યા વર્ષ ૨૦૧૨ના આંકડાના આધાર પર છે. વર્ષ ૨૦૧૨ સુધી અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા પ્રવાસી લોકોની કુલ સંખ્યા એક કરોડ ૧૨ લાખની આસપાસની હતી. જો કે મેક્સિકોના લોકો વધારે પ્રમાણમાં ગેરકાયદેરીતે પ્રવેશ કરે છે. જો કે વર્ષ ૨૦૦૯થી વર્ષ ૨૦૧૨ વચ્ચેના ગાળામાં મેક્સિકોમાંથી ગેરકાયદે રીતે પ્રવેશ કરનાર લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. અહેવાલ મુજબ ન્યુ હેમ્પશાયરમાં ગેરકાયદે રીતે રહેતા ભારતીય લોકોની સંખ્યા સૌથી વધારે છે. જ્યારે ઈન્ડિયાનામાં ગેરકાયદે રહેતા ભારતીય પ્રવાસી લોરકોની સંખ્યા પણ ખુબ મોટી છે. આ ઉપરાંત મિસિગનમાં ૧૪, મિનિસોટામાં નવ, ન્યુજર્સીમાં ૧૧, ઓહિયોમાં ૧૧, પેન્સિલવેનિયામાં ૧૧, વોશિગ્ટનમાં પાંચ ટકા ભારતીય ગેરકાયદે રહે છે. તેમની સામે તપાસ ચાલી રહી છે. જો કે અમેરિકામાં માત્ર ભારતીય જ નહી બલ્કે જુદા જુદા દેશોના મોટી સંખ્યામાં લોકો ગેરકાયદે રહે છે. અમેરિકામાં જંગી આવક મેળવી લેવાના ઈરાદા સાથે અમેરિકામાં મોટી સંખ્યામાં લોકો આવે છે. જે પૈકી કેટલાક ગેરકાયદે પણ હોય છે.

## હવે ઓછા અંતરની ટ્રેનોમાં સ્લીપરની જગ્યાએ ચેરકાર

નવી દિલ્હી,તા. ૨૦

રેલવેસેવાને વધુને વધુ લોકલક્ષી બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુચના આપ્યા બાદ નવા રેલવે પ્રધાન સુરેશ પ્રભુ હવે આ દિશામાં આગળ વધી રહ્યા છે. રેલવે પ્રદાન સુરેશ પ્રભુ હવે ઓછા અંતરની ટ્રેનોમાં સ્લીપરની જગ્યાએ માત્ર ચેરકાર રાખવા માટે ઈચ્છુક છે. રેલવે મંત્રાલય હાલ એક એવી દરખાસ્ત પર વિચારણા કરી રહ્યું છે કે જેના ભાગરૂપે રેલવેને વધુ અસરકારક બનાવી શકાશે. ટ્રેનોમાં સીટની સંખ્યા વદારી દેવા અને અને યાત્રીઓને વધુને વધુ સુવિધા આપવાનો હેતુ છે. સુરેશ પ્રભુ ઓછા અંતરની ટ્રેનોમાં સ્લીપર ક્લાસના બદલામાં બિન એસી રિઝર્વ ચેર કાર રાખવાની દિશામાં આગળ વધી રહ્યા છે. પ્રભુ નાના રૂટ પર વધુને વધુ ડબલ ડેકર ટ્રેન ચલાવવા માટેની યોજના ધરાવે છે. પ્રભુ ઈચ્છે છે કે રેલવે બોર્ડ ૧૦ કલાકથી ઓછા અંતરના સફરમાં યાત્રીઓને જગ્યા આપવા માટે એસી વગરના સ્લીપર કોચને ચેર કારમાં ફેરવી દેવાના મુદ્દા પર વિચારણા કરે. રેલવે બોર્ડ દ્વારા પ્રભુની દરખાસ્ત પર વિચારણા કરવામાં આવી રહી છે. તમામ જોન પાસેથી હવે આંકડા મંગાવી લેવામાં આવ્યા છે. જેથી વિચારણા કરવામાં આવ્યા બાદ કોઈ નક્કર તારણ પર પહોંચી શકાશે.

પ્રભુએ નોંધમાં કહ્યુ છે કે તહેવારમાં યાત્રીઓ વધારે રહે છે તેવી સ્થિતીમાં ટ્રેનો તમામ લોકોને તેમના સ્થળ સુધી પહોંચાડવામાં સફળ રહેતી નતી. આવી સ્થિતીમાં ટ્રેનોમાં કેટલાક ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. સુરેશ પ્રભુને હાલમાં જ ગૌડાની જગ્યાએ રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. પ્રભુ વાજપેયી સરકારમાં અસરકારક કામ કરી ચુક્યા છે. સુત્રોનું કહેવું છે કે, દિલ્હી-જમ્મુ, દિલ્હી-લખનૌ, દિલ્હી-વારાણસી રુટ ઉપર જો રેલવે મંત્રીની યોજનાને અમલી બનાવવામાં આવશે તો રેલવેની યાત્રા રેલવેના યાત્રીઓને લઈ જવાની ક્ષમતામાં જોરદાર વધારો થશે. જોકે, અધિકારીઓને આમાં કેટલીક દુવિધાઓ દેખાઈ રહી છે. બિનએસી રિઝર્વ ચેર કારની બોગીમાં ૧૦૮ બેઠકો હોય છે. આ રીતે સ્લીપરની ૭૨ સીટોની સરખામણીમાં આમાં ૩૬ સીટો વધારે હોય છે છતાં પણ ભાડામાં ઘટાડો કરવાની ફરજ પડશે. દિલ્હી-લખનૌમાં સ્લીપરનું ભાડું ૨૮૫ રૂપિયા છે જ્યારે સેકન્ડ ક્લાસ ચેર કારનું ભાડું ૧૮૫ રૂપિયા છે. આ રીતે ૫૦ ટકા યાત્રીઓ વધુ લઈ જવાની સ્થિતિમાં રેલવેને પ્રતિ કોચ બે હજાર રૂપિયાની વધારે આવક થશે.

## પીએસયુ બેંકોના વડાઓની સાથે જેટલીની વિસ્તૃત ચર્ચા

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલી અને ફાઈનાન્સિયલ સર્વિસ સેક્રેટરી હસમુખ અડીયા આજે નવી દિલ્હીમાં યોજાયેલી જાહેર ક્ષેત્રના બેંકો અને નાણાંકીય સંસ્થાઓના સીઈઓ અને સીએમડી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠકમાં અરુણ જેટલીએ નોન પર્ફોમીંગ એસેટને નીચે લાવવાના મુદ્દા પર વાત કરી હતી. છેલ્લા બે-ત્રણ વર્ષથી એનપીએનો આંકડો સતત વધી રહ્યો છે જેના કારણે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આવી સ્થિતિમાં એનપીએને નીચે લાવવાના વિકલ્પ પર આજની બેઠકમાં ચર્ચા થઈ હતી. જેટલીએ કહ્યું હતું કે, એનપીએમાં ઘટાડો થાય તે જરૂરી છે. પીએસયુ બેંકોના વડાઓ સાથે વ્યાપક બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, બેંકોને પ્રોજેક્ટો માટે લોન પ્રવાહમાં તકલીફ ન પડે તેની ખાતરી કરવા માટે કહેવાયું છે. તેમણે એમપણ કહ્યું હતું કે, બેંકોને જુદા જુદા પ્રોજેક્ટોના સમર્થનમાં પગલા લેવા માટે કહેવામાં આવ્યું છે. લોન અથવા નાણાંના હિસાબે કોઈ પ્રોજેક્ટ અટવાઈ ન પડે તે માટે કહેવામાં આવ્યું છે. આઈસીઆરએ દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના અહેવાલમાં જણાવાયું છે કે, પીએસયુ બેંકોની એનપીએનો આંકડો ૩૧મી માર્ચ ૨૦૧૫ સુધી ૪.૪ થી ૪.૭ ટકા સુધી રહે તેવી શક્યતા છે. ૩૧મી માર્ચ ૨૦૧૪ સુધી આ આંકડો ૪.૪ ટકાનો હતો. જ્યારે જુન ૨૦૧૪ના અંતે આ આંકડો ૪.૬ ટકાનો હતો. પીએસયુ બેંકોના વડાઓ સાથે આર્થિક મંદીમાંથી બહાર નિકળવાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. પીએસયુ બેંકોની બેડ લોનના કારણે આર્થિક મંદી જોવા મળી રહી છે. પીએસયુ બેંકોના વડાઓ સાથેની બેઠકમાં વિકાસની પ્રવૃત્તિને ઝડપી બનાવવાની રુપરેખા પર ચર્ચા થઈ હતી.

## આરબીઆઈની પોલીસી સમીક્ષા પર નજર રહેશે

મુંબઈ,તા. ૨૦

શેરબજારમાં આજે એકબાજુ મંદી ઉપર બ્રેક મુકાઈ હતી. બીજીબાજુ મુડીરોકાણકારો હવે સંસદના શિયાળુ સત્ર પહેલા સાવધાન થઈ ગયા છે. સંસદનું શિયાળુ સત્ર આગામી સપ્તાહમાં શરૂ થઈ રહ્યું છે. આરબીઆઈની પોલીસી સમીક્ષા બીજી ડિસેમ્બરના દિવસે જારી કરવામાં આવનાર છે. પોલીસી સમીક્ષાના વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે કે કેમ તેને લઈને કારોબારીઓ અને શેરબજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોમાં ચર્ચા ચાલી રહી છે. આ ઉપરાંત સંસદના શિયાળુ સત્રમાં વધુ કેટલાક સુધારા પગલા લેવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં શેરબજારમાં તથા સાથે સાથે પોલીસી સમીક્ષાને લઈને ચર્ચા રહે તેવી શક્યતા છે.

## સમાચાર ઝલક

- રેલવેના કંગાળ તંત્રમાં સુધારા માટે કડક કાર્યવાહી કરાશે.
- 'ગુજરાત સ્વચ્છ' ભારતમાં નંબર વન બનાવવાનું લક્ષ્ય રાખતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન.
- કેન્સરના દર્દી માટે કસરત આદર્શ દવા છે.
- સલમાન ખાને બહેન અર્પિતાને ૧૬ કરોડનો ફ્લેટ લગ્નમાં ભેટ આપ્યો.
- ફીજીને ઢગલાબંધ રાહતોની ભેટ આપતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી.
- બે વર્ષ સુધી આઈ.એસ.આઈ.એસ. પાસે લડાકુ હથિયારો તથા માનવબળ.
- કાશ્મીર ખીણમાં કંડકડતી ઠંડીનો પ્રારંભ.
- બળાત્કારની ખોટી ફરિયાદ બાબતે બે મહિલાઓ સામે કોર્ટ કાર્યવાહીનો હુકમ.
- દિલ્હીમાં લગ્નના સત્કાર સમારંભમાં જ ચહેરો ન ગમતાં દુલ્હનને તલાક આપી દીધા.
- એક કરોડની ખંડણી બાબતે વિલંબ થતા ગુજરાતના બાળકનું અપહરણ કરી દિલ્હીમાં હત્યા કરાઈ.
- કચ્છના સરકીક વિસ્તારમાંથી પાકિસ્તાની બોટ ઝડપાઈ.
- કેન્દ્રના માજી ટેલિફોન પ્રધાન સુખરામના પૌત્ર સાથે સલમાનખાનની બહેન અર્પિતાએ પ્રભુતાના પગલા પાડયા.
- ગુજરાતના કપાસમાંથી ચલણી નોટ બનશે. ગુજરાતના ઉત્પાદકોને લાભ.
- 'જનધન' યોજના માટે બેંકો દ્વારા ઘરે ઘરે સર્વે શરુ કરાયો.
- દિલ્હીમાં ઈબોલાના કેસ મળી આવતા તંત્રની દોડધામ.
- લીંબડી પાસે ટ્રકમાંથી ૧૮ કરોડ રોકડા પકડાયા. ઈન્કમટેક્ષનું મેગા ઓપરેશન.

## અવલોકન (પાના નં. ૪ નું ચાલુ)

વસંત ગઢવીની કલમે લખાયેલ કવિ પિંગળશી ભાઈની પાવન સ્મૃતિ... જૂનાગઢના કવિ અને એ પાવન ભૂમિના પનોતા પુત્રની સ્મૃતિ માનસપટ પર જીવંત ચિત્રનું નિરૂપણ કરે છે. કવિને મળેલું સન્માન અને પોતાના છાત્રોને લોકસાહિત્યના પાયાના ભણાવેલ પાઠ... અને હા, ઉલ્લેખનીય એ છે કે રતુભાઇ અદાણી જૂનાગઢ લોકસાહિત્યના વિદ્યાલયમાં ભણેલાં આ છાત્રો આજે સુવિખ્યાત કલાકારો છે અને તેમણે તેમની કંઠસ્થ પરંપરા જાળવી રાખી છે. કારણ સાહિત્ય સર્જન અને કથનનો સંસ્કાર તેમને આ વિદ્યાલયમાં મળ્યા હતા. આજે શાળા કૉલેજોમાં શિક્ષણ અપાય છે. પણ, લોકસંસ્કૃતિ, જીવનમૂલ્યના પાઠનાં અધ્યયનને અવકાશ નથી. પિંગળશી ભાઇના આ કાર્યને કોટિ કોટિ વંદન... શાસ્ત્રોની વાતને ભાવકો સમક્ષ સરળ ભાષામાં અને મર્મ સાથે વિવેકબુદ્ધિ સાથે પ્રસ્તુત કરેલ છે. જેમ કે...

''મનવા શું કરે મારું મારું
આમાં તલભારેય નહિં તારું''
આ પીંજરમાં પંખી બેઠું રૂડું ને રૂપાળું
કોઇ ન જાણે એની કરામત ઓચિંતુ ઉડનારું
સોના જેમ સાચવતો તું આ પીંજરીયું પ્યારું
કાયા માયાની શું કરવાની મોંઘામૂલી મનવારું
પિંગળશી કહે સીતારામનું સ્મરણ થાય તો સારું...
મનવા શું કરે મારું મારું

શાશ્વતના વેણુનાદ સમી પિંગળશી ભાઇની વાણી વસંત ગઢવીની કલમે નિખરી ઉઠે છે.

ડૉ. કેશુભાઇ દેસાઇ, રાઘવજી માધડની લેખોની ચર્ચા મારા વિદ્યાર્થીઓ સમક્ષ કરતાં હું ધન્યતા અનુભવું છું અને મારા શિક્ષણકાર્યમાં મોરપીંછના રંગો ભરવાની કોશિશ કરું છું.

ગાગરમાં સાગર સમી જયંતિલાલ મકવાણા આદરણીય સુરેશભાઇ ભટ્ટ, ઉજમશી પરમારની ટૂંકી વાર્તાઓ, ભર્ગદેવની હાસ્યકથાઓ અને મારા વિદ્યાર્થીઓ સમક્ષ પ્રિય બનાવે છે. ભરત કવિ, હર્ષ બ્રહ્મભટ્ટ, હરિકૃષ્ણ પાઠક સાહેબ, ભાગ્યેશભાઇ જહા, દલપત પઢિયાર, કિશોર જીકાદરા, પુરાણી સાહેબ, ભીખુ કવિના કાવ્યોનો રસાસ્વાદ કરવાની ક્ષમતા તો નથી પરંતુ જયારે પણ મારા વિદ્યાર્થીઓ સમક્ષ તેને લયબદ્ધ કે આસ્વાદની કોશિશ કરું છું ત્યારે વર્ગમાં એક અલગ આભા છવાઇ જાય છે. અન્ય લેખકો અને કવિઓનાં કાવ્યો વાંચીશ... સમજીશ ત્યારે જ વાચા આપી શકીશ. સંજય થોરાત અને પ્રજ્ઞાબેનનાં કાવ્યો મારા વિદ્યાર્થીઓને તેમના વિચારોમાં બળ પૂરે છે... સાચું કહું તો... હરખાઇ જાય છે.

સૌને મારાં કોટિ કોટિ વંદન... પાટનગર પ્રકાશ સાપ્તાહિકનો આ દીપોત્સવી અંક સૌ વાચકો - ભાવકોનું ઘરેણું છે. તંત્રીશ્રી અને સૌ સાથી મિત્રોને આભાર સહ... પ્રણામ...

નીતિશકુમારના મોદી પર પ્રહાર

## ખેડૂતોને આપેલા વચનો હજુ પૂર્ણ થઈ રહ્યા નથી

નવી દિલ્હી,તા. ૨૦

જેડીયુના વરિષ્ઠ નેતા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમારે ખેડૂતોને આપવામાં આવેલા વચનો પૂર્ણ ન કરવા બદલ નરેન્દ્ર મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ઉત્પાદન ખર્ચના અડધા સુધી રાહત આપવાની વાત કરવામાં આવી હતી. ચોખાના લઘુત્તમ સમર્થન મુલ્યને વધારવાની પણ વાત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઘણા વચનો ખેડૂતોના માટે આપવામાં આવ્યા હતા. ભાષણની ઓડિયા ટેપ વગાડીને જણાવવામાં આવ્યું હતું કે, મોદીએ વચનમાં એમએસપી વધારવાની વાત કરી હતી. કુમારે કહ્યું હતું કે, ભાજપના નેતાઓ જે કહી રહ્યા છે તે બાબત પુરી થઈ રહી નથી. માત્ર વચનો અપાઈ રહ્યા છે. કેન્દ્રીય ખાદ્યાન અને ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા મોકલવામાં આવેલા પત્રની પણ તેઓએ ઝાટકણી કાઢી હતી. સંપર્કયાત્રાના ભાગરૂપે જેડીયુના કાર્યકરોને સંબોધતા તેઓએ આ મુજબની વાત કરી હતી. આ વર્ષે જુન મહિનામાં રાજ્યોને પત્ર લખીને કરવામાં આવેલી જાહેરાતની પણ તેઓએ વાત કરી હતી. એમએસપી ઉપરાંત બોનસ જાહેર કરવાની સામે સરકારે વાત કરી હતી. કુમારે કહ્યું હતું કે, ઘણા બધા પગલા કેન્દ્ર સરકાર દ્વારા લેવાઈ રહ્યા નથી.